# સુરતના મેહ .જયુડીશયલ મેજી.ફ.ક,મ્યુનીસીપલ  સાહેબશ્રીની કોર્ટ

**ફોજદારી કેસ નંબર.        / ૨૦૨૨**

ફરીયાદી      :    **શ્રી સરકાર**                    **આંક–**

**વિરૂધ્ધ**

આરોપી       :

**ગુનો  :  ઈ.પી.કોડની કલમ ૨૮૩   મુજબ.**

**<u>–: ચુ કા દો :–</u>**

(૧)   ફરીયાદપક્ષનાં કેસની ટુંકમાં હકિકત એવી છે કે, આ કામનો આરોપીએ ચાર્જશીટની વિગતે જણાવેલ તારીખે સમયે અને સ્થળે જાહેર રોડ પર પોતાનાં કબજાનું વાહન પ્રતિબંધિત વિસ્તારમાં હંકારી લાવી તે સંબંધિત પોલીસ કમિશ્નરશ્રીનાં જાહેરનામાનો ભંગ કરી પકડાઈ જતાં આરોપી સામે ઈ.પી.કો. કલમ ૨૮૩ મુજબનો પોલીસે ગુનો દાખલ કરી આ કોર્ટમાં ચાર્જશીટ દાખલ કરેલ છે.

(૨)   આરોપીને જામીન મુકત થયા બાદ કોર્ટ સમક્ષ હાજર થતાં આરોપીને પોલીસ પેપર્સની નકલો આપવામાં આવેલી છે. આરોપીએ પોતે ગુનો કબુલ કરવા  માંગતાં હોવાથી જાહેરાત પુરસીસ  રજુ કરેલી છે. જે ધ્યાને  લેતાં આરોપીની  પ્લી લઈ આરોપીને ગુનાની હકિકતો વાંચી સંભળાવી સમજાવતાં અને આરોપી એ મને ગુનો કબુલ છે તેમ જણાવેલુ છે. આરોપીની આ રાજીખુશીથી કરેલી કબુલાત હોઈ તે નહી માનવા માટે કોઈ કારણ નથી. જેથી આરોપીની કબુલાત ધ્યાને લઈ તેને સજા બાબત પુછતાં આરોપી જણાવે છે કે તેમનો આ પ્રથમ ગુનો છે પોતાને આ પહેલી ભુલ બદલ હળવી સજા કરવા દયાની અરજ કરે છે, જે તમામ સંજોગો ધ્યાને લેતાં નીચે મુજબનો હુકમ કરવામાં આવે છે.

**<u>–: હુ ક મ :–</u>**

આરોપીને ક્રિ.પ્રો.કોડની કલમ–૨૫૨ અન્વયે ઈ.પી.કોડની કલમ ૨૮૩  મુજબનો ગુનો કબુલ કરતાં હોઈ, આરોપીને તકસીરવાર ઠરાવું છું આરોપીને **૧૦૦/– (અંકે રૂ એકસો પુરા)** નો  દંડ ફરમાવવામાં આવે છે. જો આરોપી દંડ ભરવામાં કસુર કરે તો દિન– ૧ ની સાદી કેદની સજા ભોગવવાનો  હુકમ કરવામાં આવે છે.

મુદ્દામાલ તેનાં માલિકીની ખાત્રી કરી તેને સોંપી દેવો.

હુકમ આજરોજ  તારીખ : **૧૨–૧૧–૨૦૨૨** ના રોજ નેશનલ લોકઅદાલતમા સ્પે. શીટીંગમાં વાંચી સંભળાવી જાહેર કર્યો.

**તારીખ : ૧૨–૧૧–૨૦૨૨**

**સુરત.**

(કે.એમ.રાઠૌર)
**જયુ.મેજી.ફ.ક,**
**મ્યુનીસીપલ કોર્ટ,સુરત**
**જજ કોડ–જીજે૦૧૬૩૮**

**રસીદ ન.**

Fine Paid Rs.100/- (Rupees One Hundred Only)
Dt.12-11-2022

Nazir
Municipal Court, Surat